# દેશમાં કોર્પોરેટ સેક્ટરમાં AIનો ઉપયોગ એક હજાર ઘણો વધ્યો





2022ના અંતે ચેટજીપીટી લોન્ચ થયા પછી મોર્ડન AIનો ટ્રેન્ડ શરૂ થયો. 2023થી દરેક કંપનીઓમાં AIનો ઉપયોગ શરૂ થયો. અમેરિકાની મોટી ટેક્નોલોજી કંપનીઓએ AI સર્વિસ શરૂ કરી અને તેના કારણે ધીમે ધીમે એન્ટ્રી લેવલની ટેક્નિકલ નોકરીઓ જોખમમાં આવી પડી. તમને જાણીને નવાઈ લાગશે કે 2023થી 2026ના ગાળામાં AIના કારણે દુનિયામાં ઓછામાં ઓછા પોણા બે લાખ લોકોએ નોકરી ગુમાવી છે. જે અમેરિકન કંપનીઓમાં નોકરી મેળવવા આખી દુનિયાના યુવાનો બેતાબ હતા, એ જ અમેરિકન કંપનીઓએ હજારો યુવાનોની નોકરી છીનવી લીધી. આ ટ્રેન્ડ હજુ ચાલશે, કારણ કે . ભારતની કંપનીઓ પણ એ ટ્રેન્ડમાં જોડાઈ છે.

એક ખાનગી ફાઈનાન્શિયલ સર્વિસ કંપનીના સર્વેક્ષણમાં જણાયું કે દેશની કંપનીઓમાં AIનો ઉપયોગ આપણી ધારણાથી અનેક ગણો વધી ગયો છે. AI હવે માત્ર હ્યુમન કર્મચારીઓને મદદરૂપ જ નથી, તેનાથી એક ડગલું આગળ વધીને AI એજન્ટ કેટલાંક કામો જાતે કરી શકે છે. ભારતીય કંપનીઓમાં AIનો ઉપયોગ વધતાં નોકરીની પદ્ધતિ સદંતર બદલાઈ જવાની છે. માણસોએ ખાસ પ્રકારની સ્કિલ નવેસરથી ડેવલપ કરવી પડશે.

**ઘણાં ટેક્નિકલ કામો માણસને કરતાં કલાકો લાગે છે, એ કામ AI ગણતરીની મિનિટોમાં કરી આપે છે અને તેના કારણે આખી દુનિયામાં AI એજન્ટ ક્રિએટ કરીને પોતાને અનુરૂપ કામ કરાવવાનો ટ્રેન્ડ ચાલ્યો છે**

સર્વેક્ષણમાં જણાયું કે દેશની કંપનીઓમાં AIનો ઉપયોગ છેલ્લા બે વર્ષમાં એક હજાર ગણો વધી ગયો છે. પહેલાં જે કામ કર્મચારીઓ પાસે કરાવાતું હતું, એમાંથી ઘણું કામ હવે ખાસ કંપનીની જરૂરિયાત પ્રમાણે બનાવેલા AI એજન્ટ કરી રહ્યા છે.

## ટેક-ટોક

★ આનંદ ગાંધી

વળી, એક વર્ષ પહેલાં AIના ઉપયોગ પાછળ જે ખર્ચ થતો હતો, એમાં 100 ટકાનો ઘટાડો થયો છે. એનો અર્થ એ કે AIનો ઉપયોગ વધ્યો છે અને AI સર્વિસ પ્રોવાઈડર કંપનીઓ વધી છે, તેમ તેમ AI ટેક્નોલોજી સસ્તી થઈ છે. ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

જોકે, એક થિયરી એવી છે કે AIનો ઉપયોગ વધી જતાં લોકોની નોકરીઓ ખતરામાં નથી. AIનો ઉપયોગ વધ્યો તેનો અર્થ એવો નથી કે તે માણસની જગ્યા લઈ લેશે, પરંતુ માણસનું કામ બદલાઈ જશે. જ્યાં વિચારવાની, સમજવાની કે નિર્ણય લેવાની વાત આવશે, ત્યાં માણસની જરૂર રહેશે. એક IT કંપનીનું ઉદાહરણ આપીને સર્વેક્ષણમાં કહેવાયું કે કંપની પાસે AIથી જોડાયેલા 11 હજાર કર્મચારીઓ છે. કંપનીએ AI પાછળ 5.8 કરોડ ડોલરનો ખર્ચ કર્યો છે. AI ખુદ કામ કરે છે, પરંતુ તેને કંટ્રોલ કરવાની જરૂર તો પડે જ છે. એ કામ માણસો કરે છે. AIને ટ્રેનિંગ આપવાનું કામ પણ માણસોએ જ કરવું પડશે. એટલે ભવિષ્યમાં એક પ્રકારની નોકરી સામે ભલે ખતરો સર્જાયો છે, પરંતુ બીજા પ્રકારની નોકરીઓ સર્જાશે. સર્વે મુજબ સરેરાશ 300માંથી 200 ક્લાયન્ટ્સ AI પાસેથી કામ લે છે. જોકે, કંપનીઓમાંથી માત્ર 21 ટકાએ જ AI પાસેથી કામ લેવા માટે વ્યવસ્થિત સિસ્ટમ તૈયાર કરી છે. માત્ર પાંચ ટકા કંપનીઓ જ એવી છે, જે માણસ વગર AI એજન્ટ પાસે કામ કરાવી શકે છે. તેનો અર્થ એ કે જેમ જેમ AI એજન્ટ વધશે, તેમ તેમ માણસોની પણ જરૂરિયાત એક નહીં તો બીજી રીતે રહેશે.

પણ હા, AIના કારણે કામ કરવાથી કંપનીઓને આર્થિક રીતે ફાયદો થઈ રહ્યો છે. એનું એક ઉદાહરણ સમજો. એક કારની તપાસ કરતી કંપનીને એક કામ પાછળ પહેલાં 75 ડોલરનો ખર્ચ થઈ જતો હતો. હવે એ જ કામ AI એજન્ટ કરી આપે છે એટલે કામ માત્ર 35 ડોલરમાં થઈ જાય છે.

તો આ રીતે કંપનીઓને ઘણી બધી સર્વિસ સસ્તી પડશે એટલે AI પાસે કામ લેવાનું વધશે. જે લોકો સાવ પ્રાથમિક તબક્કાનું કામ કરતા હતા અથવા તો હજુ પણ કરે છે, તેમણે બહુ ઝડપથી નવી સ્કીલ શીખવી પડશે.

---

**'મુઝ સે બિછડ કે તૂ ભી તો રોયેગા ઉમ્ર ભર,**
**યે સોચ લે કિ મૈં ભી તેરી ખ્વાહિશોં મેં હૂં.**

– અહમદ ફરાઝ



## કેફિયત

★ હનીફ મહેરી

મારાથી અલગ થઈને તું પણ તો રડશે જીવનભર, એ વિચારી લે કે હું પણ તારી ઈચ્છાઓમાં છું. પ્રથમ પંક્તિમાં પ્રેમનો અગાધ આત્મવિશ્વાસ અને સાથે સાથે વિરહની વેદનાનો ડર છવાયેલો છે. સંબંધમાં ઘણીવાર એક પાત્ર એવું વિચારી લે છે કે અલગ થઈ જવાથી તે મુક્ત થઈ જશે કે નવી ખુશીઓ શોધી લેશે. પરંતુ અહીં પોતાના પ્રિયજનને ચેતવતા શાયર કહે છે કે, મારાથી દૂર થવાનો નિર્ણય તું આજે ભલે સરળતાથી લઈ લે, પરંતુ આ વિરહ તને આખી જિંદગી પશ્ચાત્તાપના આંસુ રડાવશે. સાચો પ્રેમ ગુમાવ્યા પછી હૃદયમાં જે ખાલીપો સર્જાય છે, તે જીવનભર ક્યારેય ભરાતો નથી. બીજી પંક્તિ આ શેરનો સૌથી સુંદર અને દાર્શનિક ભાગ છે. અહીં શાયર પ્રેમની વ્યાપકતા બતાવે છે. પ્રિયજન કદાચ પોતાની નવી આકાંક્ષાઓ, ક્ષણિક સપનાઓ કે ઈચ્છાઓ (ખ્વાહિશો)ને પૂરી કરવા માટે દૂર જઈ રહી છે. પરંતુ તેને યાદ અપાવવામાં આવે છે કે, તું જે સપનાઓ અને ખુશીઓની તલાશમાં મને છોડીને જઈ રહી છે, તે બધી જ ઈચ્છાઓના મૂળમાં ક્યાંક ને ક્યાંક હું જ વણાયેલો છું.

માણસ ઘણીવાર સમજી નથી શકતો કે તેની ખુશીઓ કોઈ નવા રસ્તા કે ભૌતિક લક્ષ્યોમાં નથી, પરંતુ એ વ્યક્તિમાં છે જે તેના આત્મા સાથે જોડાયેલી છે. જો તું મને છોડીને તારી ઈચ્છાઓ પૂરી કરવા જઈશ, તો એ ઈચ્છાઓ પૂરી થયા પછી પણ તને મારો અભાવ જ સાલશે. તારી દરેક સફળતા અને ખુશી મારી ગેરહાજરીમાં અધૂરી અને અર્થહીન રહેશે, કારણ કે તારી ઈચ્છાઓનો સાચો આનંદ તો મારા અસ્તિત્વ સાથે જ જોડાયેલો છે.

અહીં જે વાત કહેવાનો મર્મ છે તે એ સત્ય ઉજાગર કરે છે કે સાચો પ્રેમ માત્ર એક સંબંધ નથી હોતો, પરંતુ એ આપણી આકાંક્ષાઓ અને જીવનનો આત્મા બની જાય છે. તેને ગુમાવીને મેળવેલી કોઈ પણ ખુશી અંતે જીવનભરનો અફસોસ બનીને રહી જાય છે.